સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

વિચારહીન યુવાનો જીંદગી ઢસળી નાખે છે,
દોડે દિશાહીન અમૂલ્ય દેહ કચડી નાખે છે,
ઘસડી નાખે રાત-દિવસ મોબાઈલનાં ઉજાગરે -
માવાની પડીકી જેમ જીવન મસળી નાખે છે.

હાઈકુ

ભરે બાચકા
અંધકાર ભાવિમાં -
દૃષ્ટિવિહીન

જ્ઞાનવિહીન
દંભીનો અભિમાને
ઉડે આકાશે

ચિંતન

**પરા હિ મે વિમન્યવઃ પતન્તિ વસ્યઈષ્ટયે ।
વયો ન વસતીરૂપ ॥**

ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.

જેવી રીતે પક્ષીઓની ઉડાડી દેવાથી તેઓ દૂર ચાલ્યાં જાય છે, એ જ રીતે ક્રોધી માણસો અમારાથી હંમેશા દૂર રહે કારણ કે ક્રોધી માણસ પાસે રહેવાથી સ્વભાવ ઊલ્ટો થઈ જાય છે અને ધર્મને નુકશાન થાય છે.

કામ, ક્રોધ અને લોભ આત્માનો નાશ કરનાર ત્રણ ભયંકર શત્રુ અને નરકનાં દ્વાર છે. આ ત્રણમાંતી ક્રોધ સૌથી ભયંકર છે. ક્રોધી મનુષ્ય બીજાઓને દુઃખી કરે કે ન કરે, પરંતુ પોતાનો જ અંદરથી બાળતો રહે છે. આ ભયંકર રોગથી શારીરીક, માનસિક, આત્મિક એમ દરેક પ્રકારની દુર્ગતિ થાય છે.

ક્રોધ નિવારણનો એક ઉપાય છે. જો કોઈવાર કોઈની ભૂલ પર ક્રોધ આવી જાય તો એવું વિચારવું જોઈએ કે આવી ભૂલ આપણાથી પણ થઈ શકે. આ પ્રમાણે વિવેક અનુસાર વિચાર કરવાથી ક્રોધનો આવેશ ઓછો થઈ જશે. ધૈર્ય અને ક્ષમાનો મહાવરો ક્રોધનિવારણનો સર્વોત્તમ ઉપાય છે. ધૈર્ય તેને શાંત કરી દે છે અને ક્ષમા તેનો સમૂળગો નાશ કરી નાખે છે.

સુવિચાર

- વાસ્તવિક સુખ મગજ અને શરીર બંને પાસેતી પૂરું કામ લેવાથી જ પ્રાપ્ત થાય છે - **કોલરિજ**
- હંમેશા મગજ શાંત ન પણ હોય... એટલે કાયમ ગુસ્સામાં રહેવાની જરૂર તો નથી જ - **પૂજ્ય મોટા**
- હર કિસી ઈન્સાન કો સ્વર્ગ કી ચાબી દી ગઈ હૈ ઔર આશ્ચર્ય યે હૈ કી
  ઉસી ચાબી સે નરક કે દરવાજે ભી ખુલતે હૈ - **અમૃતબિંદુ**
- તમારા બાળકોને યુવાનીમાં ભણાવો જેથી તમારી વૃદ્ધાવસ્થામાં
  તેઓ તમને ભણાવે નહીં - **યહૂદી કહેવત**
- પરિશ્રમ એ જીવનની સફળતાનું રહસ્ય અને આત્માનું રત્ન છે - **પ્રેમચંદ**
- મૂર્ખતાની પાંખ બાજની હોય છે, પરંતુ એની આંખ ઘુવડની હોય છે - **ડચ કહેવત**
- આજનું ઔષધ : લસણ, હળદર અને ગોળને ખાંડી નવશેકું ગરમ કરી તે પેસ્ટ મૂઢ માર પર લગાડવાથી રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ભગવાનનો સાચો ભક્ત એક વણકર સૂતરના કામ્બળા તૈયાર કરતો. સુતર ખરીદવાથી માંડીને દરેક પ્રક્રિયા વખતે તે સતત ભગવાનના ભજન ગાતો રહેતો. એ સાચી વ્યક્તિનો વ્યાપાર પણ સાચો હતો. તેણે એકવાર બે કામ્બળા એક શેઠને વેચ્યા. શેઠના મનમાં કપટ હતું. શેઠે કહ્યું, 'બે દિવસ પછી પૈસા લેવા આવજે.' વણકર બે દિવસ પછી શેઠ પાસે પૈસા લેવા પહોંચ્યો. શેઠે કહ્યું, 'મારી દુકાનમાં આગ લાગી ગઈ જેમાં તારા કામ્બળા બળી ગયા, હવે પૈસા કઈ વાત ઉપર મળે?' વણકરે કહ્યું, 'શેઠજી, મારો ધંધો સચ્ચાઈ અને ઈમાનદારી પર ટકેલો છે મારા કામ્બળામાં આગ લાગી ન શકે.' એમ કહી વણકરે પોતાના ખભેથી એક કામ્બળો શેઠને આપતા કહ્યું, 'લો શેઠ, આ કામ્બળામાં આગ લગાડી બતાવો તો જાણું.' શેઠે નવું બહાનું ધર્યું. દીવો તેની પર પડતા કામ્બળામાં આગ લાગી હતી. 'વણકરે કહ્યું, મારા આ કામ્બળા પર કેરોસીન નાખીને આગ લગાડો.' કામ્બળાને કેરોસીનમાં પલાળી તેમાં આગ લગાડવામાં આવી. કેરોસીન બળી ગયું, પરંતુ કામળો, એટલો સારો કંતાયેલો હતો કે તેને આગની અસર પણ ન થઈ. વણકરે કહ્યું, 'શેઠ, મેં તમને પહેલા જ કહ્યું હતું કે મારો ધંધો સચ્ચાઈવાળો છે. સાચા ને આંખ નથી આવતી. કપટી શેઠ શરમાઈ ગયા અને વણકરને રકમ ચૂકવવી પડી.'

સરકારી શાળાઓની ઈમેજ સુધારવાની તક

તંત્રીસ્થાનેથી...

કોરોનાની વ્યાપક અસરોની ફલશ્રુતિ વિવિધ ક્ષેત્રોમાં વરતાવા લાગી છે. લાંબા સમય સુધી ધંધા રોજગાર બંધ રહેવાને કારણે અગાઉ શેઠની જેમ રહેવા ટેવાયેલા લોકો સાદાઈથી, ખેડૂતની જેમ કે મજૂરની જેમ રહેવાની ટેવ પાડી રહ્યા છે. ટૂરિઝમ ક્ષેત્રમાં અવ્વલ ગણાવાની હોંશ ધરાવતા ધંધાદારીઓ શાકભાજી વેચતા થઈ ગયા હોવાના સમાચાર છે. મોંઘીદાટ લકઝરી ગાડીઓ ભંગારના ભાવે વેચી દઈ ધંધો બદલી નાખવાની નોબત આવી છે. હવે જયારે કોરોનાનો કેર શમી ગયો એવું લાગે છે ત્યારે ફરી પાછા એ જ ધંધા ચાલુ કરતાં ઘણી તકલીફ પડવાની છે. આર્થિક ફટકો ખમી ફરી બેઠા થવું અઘરું બની રહે તે સ્વાભાવિક છે. સરકાર ગમે તેટલી યોજનાઓ કાઢે પણ માનવીના લોહીમાં ઘૂસી ગયેલો ભ્રષ્ટાચારનો વાઈરસ તો અજર અમર છે! સૌથી વધુ અસર શિક્ષણ ક્ષેત્રને થઈ છે. બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળેલી ખાનગી શિક્ષણ સંસ્થાઓને વિદ્યાર્થીઓ મેળવવા ફાંફા મારવાં પડે એવી પરિસ્થિતિ સરજાઈ છે. ચાલુ દિવસોમાં ચોથા વર્ગના કર્મચારી પણ પોતાના બાળકને સરકારી શાળામાં નહીં મોકલતા પ્રતિષ્ઠિત ખાનગી સ્કૂલમાં ભણાવવાનો આગ્રહ રાખતો હતો. પેટે પાટા બાંધીને ગામડા ગામના વાલીઓ આવી કહેવાતી શ્રેષ્ઠ ખાનગી સ્કૂલોમાં પોતાનાં સંતાનોને પ્રવેશ અપાવતા રહ્યા છે. આજે 'પોસ્ટ-કોવિડ' કાળમાં પરિસ્થિતિ ધરમૂળથી બદલાઈ ગઈ છે. શહેરોના મધ્યમવર્ગી વાલીઓ એમનાં બાળકોને ખાનગી શાળાઓમાંથી દાખલા કઢાવી કઢાવી સરકારી શાળાઓના દરવાજે લાઈન લગાવી રહ્યા છે. કારણ સ્પષ્ટ છે. મોંઘીદાટ ફી ભરીને પણ છેવટે તો બાળકને ઘેર બેઠાં ઓનલાઈન જ ભણવાનું છે. સરકારી શાળા પણ ઓનલાઈન શિક્ષણ આપે જ છે. વળી એના શિક્ષકો પર તો શિક્ષણખાતાની કડકાઈભરી નજર રહ્યા કરે છે. આર્થિક સંકડામણ અનુભવતા મધ્યમ વર્ગના લોકોએ ફાઈવ સ્ટાર સ્કૂલોનો મોહ છોડીને સરકારી શાળાઓ તરફ મીટ માંડી હોય ત્યારે સરકારના શિક્ષણ વિભાગે આ તક ઝડપી લઈ ખાડે ગયેલી અને વગોવાયેલી સરકારી શાળાઓને પુનઃ ધબકતી કરવી જોઈએ. સરકારે તો શાળાઓ ટ્રસ્ટોને સોંપી દઈ જવાબદારીમાંથી છટકવાનો શિરસ્તો પાડ્યો છે. એવાં ટ્રસ્ટો પણ એમના ફી-સ્ટ્રક્ચરમાં ઘટાડો કરી બાળકોના ભવિષ્યને બચાવી લે તે જરૂરી છે. છેલ્લા દાયકાઓ દરમિયાન શિક્ષણ એ કોઈ પવિત્ર વ્યવસાય ન રહેતાં ધીકતો ધંધો બલકે ઉદ્યોગ બની રહેલ છે. બાળકની કારકિર્દી બનાવવા કોઈ પણ વાલી એને સારી પ્રતિષ્ઠા ધરાવતી શાળામાં જ ભણાવવાનું પસંદ કરે તે સ્વાભાવિક છે. હવે જયારે વાલીઓ પાસે બાળક પાછળ ખર્ચવાનું બજેટ ખોરવાયું છે ત્યારે એ નાછૂટકે સરકારી શાળાઓ તરફ વળી રહ્યા છે. સરકારે આ પરિસ્થિતિને શિક્ષણની ગુણવત્તા તથા સરકારી શાળાઓની પ્રતિષ્ઠા સુધારવાની કોરોનાદત્ત તક સમજી વધુ સક્રિય અને ઉદાર અભિગમ અપનાવવાની જરૂર છે. સરકારી શાળામાં ભણનાર બાળકને લઘુતા ગ્રંથિથી મુક્ત કરવાની જરૂરી છે. દેશ અને દુનિયાની મહાન વિભૂતિઓ સરકારી શાળાઓની નીપજ છે. સરકારી શાળાના શિક્ષકો માટે પણ કોરોનાએ એમની 'ઈમેજ' સુધારવાની બારી ખોલી આપી છે. આશ્ચર્યની વાત તો એ છે કે કહેવાતી શ્રેષ્ઠ ખાનગી શાળાઓ પણ એમના શિક્ષકોને સરકારી પગાર ધોરણ ભાગ્યે જ આપતી હોય છે. ટ્યૂશન કરીને એ ખૂટતી કડીઓ જોડતા રહે છે. આશા રાખીએ કે કોરોનાની આ નેગેટિવ અસર સરકારી શાળાઓ તથા જેને મોંઘીદાટ ફી પોસાતી નથી એવા વિશાળ મધ્યમવર્ગના વિદ્યાર્થીઓને ફળે.

કદાચ વૃદ્ધાશ્રમમાં જવામાંથી મુક્તિ પણ મળે!

આરપાર
રાઘવજી માધડ

ઘર,પરિવારમાં બાળક હોવાનું સુખ અને ન હોવાનું દુઃખને કોરા કાગળ પર શબ્દસ્થ કરવું મુશ્કેલ હોય છે. દરેક નવજાત શિશુ પ્રભુનો એ પૃથ્વી સંદેશો લઈને આવે છે કે, પ્રભુને માનવજાતમાં શ્રદ્ધા છે. 'મૂછાળી મા' ગિજુભાઈ કહે છે : બાળક એ પરમાત્માએ માનવજાત પર લખેલો પ્રેમપત્ર છે.

પણ આજકાલ આ પ્રેમપત્ર ઉકેલવો અઘરો થઈ ગયો છે. ભલભલા વાલી,મા-બાપ ગોટે કે ગોથે ચઢ્યા છે.ગત અંકમાં લખેલા બાળકો,સાંપ્રત સમયની એક ચેલન્જ છે...આર્ટીકલના ઠીક ઠીક પ્રમાણમાં પ્રતિભાવ મળ્યા છે. કારણ કે આ ઘરઘરનો સતાવતો કે સળગતો સવાલ છે.મોટાભાગે બાળકો મોબાઈલના એદી થઈ ગયાં છે.તેમાં વળી ઓનલાઈન શિક્ષણ આવ્યું...જેથી,બાળકને શિક્ષણ મળી રહે તેવા શુભ હેતુથી મોબાઈલ ખરીદીમાં પણ પડાપડી થવા લાગી છે. ખરેખરતો બાળકને ઉપદેશના બદલે ઉદાહરણ,પૈસાના બદલે પ્રેમ... અને સંપતિના સ્થાને સમય આપવાનો હોય છે. જે સાંપ્રત સમયની માંગ છે.

બાળક મોબાઈલમય બની ગયું છે...આ સમસ્યા સળગી રહી છે પણ તેનો ઉકેલ કે ઉપાય શું ? લોકોને સમસ્યામાં નહીં પણ સમાધાન, નિરાકરણમાં રસ હોય છે. આ અંગે એક પ્રતિભાવ ઉડીને આંખે નહીં પણ હૃદય સોંસરવો ઉતરી જાય એવો છે: બાળકને મોબાઈલથી મુક્ત કરવા મેદાન અથવા ઘર બહારની ખુલ્લી જગ્યામાં લઈ જઈ રમત રમાડો.તેને પ્રવૃત્તિ આપો.વાર્તા કહો... ને ખાસતો સમય આપો. સાદા, સરળ ઉપાય આપનાર છે,ગિજુભાઈ બધેકાની જન્મભૂમિ વલ્લભીપુર (જિ.ભાવનગર) પાસેના ઉમરાળા ગામના શ્રી ઈલ્યાસ કુરેશી.આ વ્યક્તિ વિશે, મારી જાણ મુજબ માત્ર અક્ષરજ્ઞાન જ છે. કોઈ શાળા, કોલેજ કે યુનિવ સીટીની ડીગ્રી નથી.પણ તેમની આવડત, કોઠાસૂઝ અને સમર્પણભાવ ગજબનો છે. પશુ-પંખી અને માનવ માટેની ઘણી સેવાપ્રવુત્તિઓ કરે છે પણ અહીં ખાસ ઉલ્લેખનીય બાબત છે કે પોતે ઉમરાળા ગામની આજુ બાજુની સ્કૂલોમાં,બાળકોને દેશી રમતો રમાડવા જાય છે.લુપ્ત થઈ રહેલા અમુલ્ય વારસાને ઉજાગર કરનાર ઈલ્યાસભાઈને સ્કૂલ,સંસ્થાઓ સામેથી બોલાવે છે અને તેઓ નિસ્વાર્થભાવે જાય છે. બાળકોને રમત રમવાનું ખૂબ જ ગમે છે પણ સાથે કોઈ મિત્ર કે સ્વજન રમનારું હોવું જોઈએ.મોબાઈલમાંથી મહદઅંશે પણ મુક્ત કરવામાં રમતો અને મનગમતી પ્રવૃત્તિ સાથ આપી શકે છે... આ બાબત સૌ કોઈ જાણે છે. સવાલ સમય આપી,સાથે રહી અમલ કરાવવાનો છે.ઈલ્યાસભાઈએ પ્રતિભાવમાં માત્ર સુફિયાણી સલાહ નથી આપી પણ તે પૂર્વે આદર્શ ઉદાહરણ પૂરું પાડ્યું છે. હાલ કોરોનાકાળમાં સ્કૂલ પ્રવૃત્તિઓતો આરામ ફરમાવી રહી છે.

આ વિગત વાંચી ઘડીભર એવું થાય કે, ઈલ્યાસભાઈ પાસે સમય, સમૃદ્ધિ અથવા એવી કોઈ સંપત્તિ હશે...એટલે આવું સેવાભાવી કાર્ય કરી શકતા હશે. પણ આપ સૌને જાણીને નવાઈ લાગશે કે તેઓ વ્યવસાય માં સિંગ-ચણાની લારી ફેરવે છે. એકાદ-બે વાર ગામમાં લારી લઈ ફેરો કરે... ગ્રાહક રાજા રીઝેને ખુદાને જે આપવું હોય તે આપે.તેમનો સંતોષ ગજબનો છે. હા,આ ફેરી દરમ્યાન પણ ઘણાં સેવાના કામ કરતા જાય. પણ વચ્ચેના સમયગાળામાં તેઓ સ્કૂલોમાં જઈ બાળકોને દેશી રમતો રમાડી રાજી રાજી કરી દે છે.

દિવસભર ઘરમાં રહી બાળક પણ કંટાળો અનુભવે છે. તેને પળવાર પણ નવરા રહેવું ગમતું નથી. કોઈને કોઈ પ્રવૃત્તિ જોઈએ છે. તેમાં કોઈ સાથી કે ભાગીદાર પણ ઈચ્છે છે. ઘરમાં બીજું બાળકતો લગભગ નથી અને મા-બાપ પાસે સમયનો અભાવ છે...અને વળી મોટો મોબાઈલ પણ છે ! બાળક એ આરસનો શ્વેત સુંદર પથ્થર છે, માતા-પિતા-ગુરુ શિલ્પી છે. જેમણે પ્રેમના નાજુક ટાંકણા વડે શિલ્પ સર્જી એમાં સદ ગુણોની પ્રાણપ્રતિષ્ઠા કરવાની છે. આવું ચિંતકો કહી ગયા છે. બાળકને ઉપદેશ નહીં પણ ઉદાહરણ આપો. પૈસો નહીં પ્રેમ આપો, સંપત્તિ નહીં સમય આપો.પણ મોટો છતાંય સાવ ખોટો પ્રશ્ન છે સમય આપવાનો ! દરેકને ચોવીસ કલાકનો સમય મળે છે...ટાઈમ મેનેજમેન્ટ અગત્યનું છે. રાત્રીએ સૂતીવેળાએ હિસાબ માંડીશું તો ખ્યાલ આવશે, દિવસમાં ખરેખર સમયનો કેટલો સદઉપયોગ કર્યો. ક્યારેક પીવાનું પાણી હાથ ધોવામાં વપરાઈ જતું હોય છે. મોબાઈલ છોડાવવા બાળકને આજે સમય આપો, ભવિષ્યમાં એ તમને સમય આપશે. તેથી કદાચ વૃદ્ધાશ્રમમાં જવામાંથી મુક્તિ પણ મળે !

છેલ્લે :

બાળક એ કાંઈ વાસણ નથી કે એને ભરી કાઢીએ, એ જ્યોતિ છે જેને આપણે પ્રગટાવવાની છે.

તો કોરોનાની ત્રીજી લહેર ચોક્કસ આવશે જ, સાવધાન

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

ફરી એકવાર આપણે સૌ કોરોનાથી મૂક્ત થઈ રહ્યા છીએ. ફરીથી આપણે સૌએ રૂટિન લાઈફ શરૂ કરી દીધી છે. છેલ્લા ત્રણેક મહિનાથી અટકેલા નાના મોટા કામો ફરીથી શરું કરી દીધા છે. હોટેલમાં જમવાનું, લગ્નપ્રસંગે જવાનું, પાર્ટીઓમાં જવાનું, બહારગામ જવાનું ..બધુ જ પૂર્વવત્ત શરું કરી દીધું છે. અને આમેય ક્યા સુધી ઘરમાં બેસી રહેવું ? ઘરમાં રહી રહીને સૌ કંટાળી જાય એ સાહજિક છે. અને હવે કોરોના પણ ધીમે ધીમે જઈ રહ્યો છે. આ વાત વાંચવી, વિચારવી ગમે એવી છે. પણ મિત્રો, કોરોના અભી જિન્દા હૈ, એ સંપૂર્ણ ગયો નથી. કોરોનાના પંડિતો કહે છે કે કોરોના હવે નબળો પડ્યો છે. એ થાકી ગયો છે. તો હવે થોડો સમય એ આરામ કરશે. અને આ સમયમાં જો આપણે પૂર્વવત થઈ ગયા, બજારોમાં ઉમટી પડ્યા, ચારેતરફ ભીડ ભેગી કરી દીધી તો કોરોનાને તો એટલું જ જોઈશે. કેમ કે ભીડ એ કોરોનાની તાકાત છે. ભીડથી કોરોનાને નવી ઊર્જા મળે છે અને એની સંક્રમણ શક્તિમાં અનેક ગણો વધારો થાય છે.

આખા દેશમાં કોરોનાના દરરોજ નવા સવા ચાર લાખે પહોંચેલા કેસોથી આપણે બધા ઘરમાં ભરાઈ બેઠા હતા પણ જેવા એ દોઢ બે લાખે આવ્યા કે આપણે સૌ બહાર, અને આજે તો આખા દેશમાં હજારોની સંખ્યામાં જ નવા કેસો થાય છે. વળી ગુજરાતમાં તો જે રોજના પંદરેક હજારે આંકડો પહોંચેલો તે આજે પાંચ સોએ આવી ગયો છે. મતલબ કોરોનાએ આપણને રાહત આપી છે. કારણ કે એ સમયે તમામ ધાર્મિક સ્થળો બંધ હતા, સ્કૂલો, સિનેમા, મૉલ, જીમ વગેરે જાહેર સ્થળો બંધ હતા અને હવે એ બધુ ધીમે ધીમે ખૂલી રહ્યું છે. જેવા આપણે સૌ આ બધા સ્થળોએ જવાનું શરું કરીશું કે કોરોનાની ત્રીજી લહેર શરું થશે. સરકારનું કામ છે કે કોઈપણ રોગચાળો ઓછો થાય એટલે બજાર, જાહેર સ્થળો, સ્કૂલ,કૉલેજ બધું પૂર્વવત શરું કરે, જેથી લોકોમાં ખોટી રીતે ભય ના ફેલાય. પરંતુ આ ''કોરોના'' છે. કોઈ નાનો મોટો મેલેરિયા કે ડેંગ્યુ નથી કે બે ગોળી ખાઈ લેવાથી મટી જશે. જેને કોરોના થયો છે એને એકવાર મળી આવજો, એની પાસેથી કોરોનાની ભયાનકતા સાંભળશો તો વિના કોરોનાએ ડરી જશો. તેથી હજી આપણે સૌએ ઘણી બધી સાવચેતી રાખવાની જરૂર છે.

ભારતમાં કોરોનાની બીજી લહેર આવવાનું કારણ પણ આપણી સ્વૈચ્છિક સ્વચ્છંદતા છે. આપણી પ્રજા એટલે કે આપણે સૌ જરા સરખી છૂટ મળી નથી કે જેલમાંથી કેદીઓ છૂટે એમ, પીંજરામાંથી પંખીઓ ઊડે એમ બહાર દોડી પડીએ છીએ. જાણે કે આપણા વિના બહારની દુનિયા અધૂરી રહી જવાની હોય એમ. પણ આપણું બહાર જવાથી શક્ય છે કે આપણા પરિવારની દુનિયા અધૂરી જરૂર બની જઈ શકે છે. જે પરિવારે પોતાનું સ્વજન કોરોનામાં ગુમાવ્યું છે એને પૂછી જો જો... આપણી એક જિંદગી આપણા પરિવાર માટે કેટલી જરૂરી છે. અને છતાંય આપણે સૌ પરિવારની, ખૂદની કે કોરોનાની સહેજેય ચિંતા કર્યા વિના પાણીપૂરી, દાબેલી, વડાપાઉં, પાવભાજી વગેરે ખાવા નીકળી પડીએ છીએ. ફરી એક વાર બહાર હૉટેલો ધમધમતી થઈ ગઈ છે, બધા રેસ્ટૉરન્ટો હાઉસફૂલ બની રહ્યા છે. આ સમયે બહારનું ખાવાનો શોખ તમને કાયમ માટે ઘરની બહાર (સ્વર્ગમાં) મૂકી શકે છે. એ વાત પણ યાદ રાખજો.

મિત્રો, માત્ર માસ્ક પહેરવાથી કે સોશિયલ ડિસ્ટન્ટ્સ રાખવાથી કોરોનાથી નથી બચી શકવાના, કેમ કે તમે ક્યાંક બહાર ગયા અને તમારા કપડાંમાં ક્યાંકથી કોરોના આવી ગયો, તમારા માથાના વાળમાં કે ક્યાંક ખરીદી કરતી વખતે લેવડ દેવડ કરેલી રૂપિયાની નૉટોમાં કે શાકભાજીમાં કે અન્ય કોઈ જગ્યાએથી કોરોના તમારા ઘરમાં આવી ગયો અને તમે ઘરમાં આવીને માસ્ક ખાઢી નાખો છો, હાથ મોં ધોઈને ફેસ થઈને સોફા પર બેસી ટી.વી. જુઓ છો અને પછી કપડાંમાથી કે શાકભાજીમાંથી કે નૉટોમાંથી કે વાળમાંથી કોરોના ફરી તમારા સંપર્કમાં આવે છે અને નાકમાં કે શ્વાસમાં જઈ શકે છે. અથવા ઘરના કોઈપણને સંક્રમિત કરી શકે છે. એવા અનેક કિસ્સા બન્યા છે ઘરની એક વ્યક્તિ બહાર જતી હોય અને કોરોના ઘરમાં જ રહેતી વ્યક્તિને પહેલા થયો હોય.

મિત્રો, કોરોના અદૃશ્ય દુશ્મન છે. એ ક્યાંથી આવશે, ક્યારે આવશે, કેવી રીતે આવશે એ કોઈને ખબર નથી. અને આવ્યા પછી ભલભલા મહારથીઓ ડરી ગયા છે, મરી ગયા છે, તેથી હજી કોરોના ગયો નથી એ વાતને ધ્યાનમાં રાખીને રહેવું જરૂરી છે. મેં જોયું છે કે હવે બધા સાવ નાના નાના કામ માટે બહાર જાય છે, અનેક બહાદૂર લોકો માસ્ક વિના પણ બહાર હરતા ફરતા જોવા મળે છે. બજારોમાં, શાકમારકીટમાં ભીડ થઈ રહી છે. આ કોરોનાની બન્ને લહેરોમાં હજારો લાખો ઈશ્વરભક્ત ગૂજરી ગયા હોવા છતાંય ભક્તો હજીયે મંદિરોમાં લાઈનો લગાવી રહ્યા છે. અનેક લોકો ધાર્મિક સ્થળોએથી કોરોનાથી સંક્રમિત થઈને ઈશ્વરને પ્યારા થઈ ચૂક્યા છે છતાંય આપણે સુધરતા નથી. આપણે ઈશ્વરને મંદિર મસ્જિદ કે ચર્ચમાં જ શોધીએ છીએ. કદાચ હજીએ આપણે છ મહિના મંદિર મસ્જિદ નહીં જઈએ તો ચાલશે. ઈશ્વર કે ખુદા ઘરમાં જ છે, મનમાં જ છે.હજીયે છ મહિના બહારનું નહીં જમીએ, હજીયે છ મહિના બીન જરૂરી બહાર ફરવા નહી જઈએ, નાના મોટા કામ હજીએ છ મહિના પેન્ડિંગ રાખીશું તો શક્ય છે કે કોરોનાની ત્રીજી લહેરથી બધા બચી જશે. નહિતર જો આપણે બધુ ભૂલીને બહાર નીકળી પડ્યા તો આ વખતની ત્રીજી લહેર જેને કોરોના નથી થયો એના ઘર સુધી તો અચૂક પહોંચવાની જ. કેમ કે તેઓ બન્ને લહેરોમાં કોરોનાથી બચી શક્યા છે તેથી વધુ કોન્ફિડેન્સ ધરાવતા હશે. વધુ બેફિકર હશે, આવા લોકોએ ખાસ ધ્યાન રાખવાની જરૂર છે.

મિત્રો, આ બે ત્રણ મહિનાનો સમય એવો છે કે જો આપણે લોકડાઉન માનીને સંયમથી રહીશું, બીનજરૂરી બહાર જવાનું ટાળીશું તો શક્ય છે કે આપણે કોરોનાની ત્રીજી લહેરથી બચી શકીશું, બાકી સરકારે તો બધી તૈયારી કરી જ લીધી છે બસ આપણે માત્ર સંક્રમિત થવાનું બાકી છે, આવા મેસેજ ભલે સોશિયલ મીડિયા ઉપર ફરતા થયા હોય પણ એમાં ખૂબ જ ગર્ભિત સંદેશ અને સત્ય છે. સરકાર તો એનું કામ કરે છે. આપણા ઘરના પ્રસંગમાં પચાસને બદલે પાંચ સો લોકો આવી જાય તો આપણી વ્યવસ્થા પણ ખોરવાઈ જવાની, આવી મહામારી આખા વિશ્વએ પહેલી વાર જોઈ છે, છતાંય દુનિયાના તમામ દેશો કરતા, મહાસત્તાઓ કરતા આપણા દેશની વ્યવસ્થા ખૂબ જ સારી જ રહી છે, કોરોનાના વ્યાપનું કારણ, ફેલાવાનું કારણ સરકાર નહીં સ્વયમ પ્રજા છે, આપણી પ્રજાની માનસિકતા કર્ફ્યુ આપો તો જ ઘરમાં રહે નહિતર નાના મોટા લોકડાઉનમાં ય બહાર જોવા નીકળે એવી છે. પછી ભલે પોલીસ ડંડા મારેકે કોરોના થાય. સવારે કે સાંજે બહાર ચાલવા જવું એટલે જવું અને એ પણ માસ્ક પહેર્યા વિના કે હાથમાં રાખી અને ઘણા તો માસ્ક દાઢી પર લટકવીને, મોં અને નાક બિલકુલ ખૂલ્લા રાખી ફરે છે. આ પ્રકારના અનેક સ્વચ્છંદી, ખૂશમિજાજી, ઉદ્દંડ, સાહસિક, શોખીન, બેદરકાર, અતિ આત્મવિશ્વાસુ, અણસમજુ અને અજ્ઞાનીલોકોને કારણે જ કોરોનાની ત્રીજી લહેર આવશે. અને ફરી મૃત્યુનો મહાતાંડવ ખેલાશે.

મિત્રો, આ સમય સ્વયમ શિસ્ત પાળવાનો છે. સમજદારી દાખવવાનો છે. પરિવારની સાચી સંભાળ રાખવાનો છે. કોરોના એ સામાન્ય તાવ નથી. જો ધ્યાન ના રાખ્યું તો જીવ પણ ગુમાવવો પડે છે. અને આપણા સૌના પ્રયાસોથી, સંકલ્પથી જ ત્રીજી લહેર અટકી શકે છે. સરકાર આવી પડેલી આપદામાં વ્યવસ્થા અને સુવિધામાં સુધારો ને વધારો કરી શકે છે બાકી કોરોનાની ત્રીજી લહેરને તો આપણે જ હજી થોડો સમય ઘરમાં રહીને અટકાવવી પડશે.

'કેરી' કથા...!

રગળપાટ
અજય ઉપાધ્યાય

''કેરી તો ટેસથી ધીમે ધીમે એકલી ખાવાની ચીજ છે. એક જાતનું ટોનિક છે. નવજુવાની અને નવું લોહી આપનારું કુદરતી ટોનિક છે. પણ આપણે ગુજરાતીઓ કેરી ખાતા નથી. તેનો રસ દાબડીએ છીએ'' આવું આપણા પ્રિય કાંતિ ભટ્ટે એમના એક આર્ટિકલમાં લખેલું. કાંતિદાદાની વાતમાં દમ તો છે જ. યાદ હોય તો નાના હતા ત્યારે કેરીને ઘોળીને ચૂસી ચૂસીને જ ખાતા. આજે તો મેંગો પલ્પની આખી એક માર્કેટ છે પણ કેરીને બંને હાથથી ધીરે ધીરે મસળતા જઈને - ઘોળીને ચૂસવાની જે મજા છે એ આ પલ્પ - ફલ્પ કે પછી રસ કાઢીને ખાવામાં નથી જ નથી જ. પણ શું છે કે બદલાતા જમાના સાથે કેરી ખાવાની રીતો કદાચ બદલાઈ હશે પણ એક વાત તો સનાતન અને યથાવત છે અને તે છે કેરીને જોતાં જ 'આહા કેરી' નો છેક ઊંડેથી નીકળતો હર્ષનાદ...! કેસરવરણી કેરી અને એના મધમીઠા રસ ના આસ્વાદને જ શાસ્ત્રોમાં 'સ્વર્ગનું સુખ' ગણાવાયું છે (ભલે ઉલ્લેખ કરવાનો રહી ગયો હશે..!).

ભલે હવે તો ચોમાસુ ઓલમોસ્ટ આવી પહોચ્યું છે એટ્લે કોઈ એમ કહેશે કે હવે કેરીની સિઝન આથમવામાં, પણ હકીકત એ છે કે કેરી ની સિઝન ક્યારેય આથમતી જ નથી. હા બજારમાંથી એકાદ મહિનામાં કેરી કદાચ અદ્રશ્ય થઈ જશે પણ આખાયે ઉનાળે એનો પીધેલો રસ અને એનો સ્વાદ તો છેક આવતા ઉનાળા સુધી હૈયામાં રહેવાનો. જો કે હવે તો નેક્સ્ટ સિઝનની રાહ પણ ક્યાં જોવાની જરૂર છે. લોકો હવે તો કેરીને કાપીને એનો પલ્પ બનાવીને ડીપ ફ્રિજ કરી રાખે છે એટ્લે એય ને દિવાળી પર પણ મહેમાનોને ગર્વથી અને ઓફ કોર્સ આનંદથી ઠંડો મજાનો મેંગો શેક પીવડાવી શકાય..! એય ને બારેમાસ કેરીનાં રસની લીલાલહેર...! એન્ડ માઈન્ડ વેલ કે આ પલ્પ અને બજારમાં મળતા પલ્પમાં હાથી-ઘોડાનો ફરક રહેવાનો. એનિવેય્ઝ.... કેરી જેવી માર્કેટમાં આવે કે બાકીના બીજા ફળોની તો વેલ્યૂ જ ડાઉન થઈ જાય. એટ્લે તો કેરી ને ફળોનો રાજા કહેવાય છે. જુઓ ને લગભગ એપ્રિલ આસપાસ કેરી બજારમાં આવે અને મોટાભાગે જુલાઈ સુધી રહે પણ આ ત્રણેક મહિનામાં એવી માયા લગાડી જાય કે આવતો એપ્રિલ ક્યારે આવે એની જ રાહ જોવી પડે. અરે યાર તાજી કેરીનાં રસ સામે પેલા ફ્રીજ કરેલા ચોસલા થોડા ફિક્કા તો પાડવાના કે નહી ?

નખ્ખોંદીયા 'તાઉ-તે' ને લીધે આ વર્ષે કેરીનાં પાકને ઘણું નુકશાન થયું છે એમ છતાં પણ માર્કેટમાં કેરીની હાજરીને બહુ ખાસ ફરક નથી પડ્યો. કેરી નું મુખ્ય ઉદગમસ્થાન યાની કી જ્યાં કેરીનો પાક વધુ પ્રમાણમાં થાય છે તે સૌરાષ્ટ્રમાં ગીર - તલાલા - જુનાગઢ - સોરઠ પંથક પણ આ વાવાઝોડાથી ઘણો પ્રભાવિત થયો. ગીર ની કેસર કેરી આખાયે ભારતમાં પ્રખ્યાત છે, અરે ખાલી ભારત જ શુકામ પણ વિશ્વના ઘણા દેશોમાં એની નિકાસ થાય છે અને એના સ્વાદના વિદેશીઓ પણ દિવાના છે. જો કે ગીરની કેસર કેરીની સાથે સાથે હવે કચ્છની કેરીઓ અને વલસાડની કેરીઓ પણ ખૂબ જ સ્વાદિષ્ટ હોય છે અને એની પણ દેશ-વિદેશમાં ભરપૂર ડિમાન્ડ છે. અમેરિકા, જાપાન સહિતના દેશોમાં કેસર. આફૂસ સહિતની કેરીઓની ભારે માંગ છે. મુંદ્રા બંદરેથી સ્વિત્ઝરલેન્ડ, ફ્રાંસ, જર્મની, ઓસ્ટ્રિયા જેવા યુરોપિય દેશોમાં એની કાયમી નિકાસ થતી રહે છે, અને આ વખતે તો તલાલાની કેરી છેક ઈટાલી સુધી પણ પહોચી ગઈ છે અને મજાની વાત એ છે કે ઇટાલિયનોને દાઢે વળગી ગયેલી કેસર કેરીની ઈટાલીમાં હજુ વધુ નિકાસ થવાની છે. ભારતમાં કેરીનો ર